بسم اللہ الرحمن الرحیم    نحمدہ ونصلی علی رسولہ الکریم    وعلی عبدہ المسیح الموعود
لا الٰہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصار اللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
نمبر شمار/Ref ____________    تاریخ/Date ____________

# તવક્કુલ અલા અલ્લાહના સંદર્ભે સીરતુન્નબી (સ.અ.વ.)નું ઈમાનવર્ધક વર્ણન

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ أَمَّا بَعْدُ فَأَعُوذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

***સારાંશ ખુત્બા જુમ્મા  સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.***
***તા. 11 સપ્ટેમ્બર 2026  સ્થળ: મસ્જિદ મુબારક, ઇસ્લામાબાદ  (યુ.કે)***

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહાની તિલાવત બાદ, હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

આંહઝરત સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમના અલ્લાહ તઆલા પર તવક્કુલના સંદર્ભમાં ગયા જુમ્માએ વર્ણન કર્યું હતું. આજે પણ આ જ વિષય છે.

આંહઝરત (સ. અ. વ.) પોતાના માટે અલ્લાહ તઆલા પર કેવી રીતે તવક્કુલ કરીને દુઆ માગતા હતા, તેના વિશે એક રિવાયત આવે છે. હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રઝિયલ્લાહુ અન્હુમાથી રિવાયત છે કે જ્યારે આપ (સ.અ.વ.) રુકૂઅમાં જતા ત્યારે આ દુઆ કરતા: 'હે અલ્લાહ! મેં તારા માટે રુકૂઅ કર્યો, અને તારા પર જ ઈમાન લાવ્યો, અને પોતાને તારા હવાલે કરી દીધો અને તારા પર તવક્કુલ કર્યો. તું જ મારો રબ છે. મારી શ્રવણશક્તિ, મારી દૃષ્ટિ, મારું લોહી, મારું માંસ, મારાં હાડકાં અને મારી નસો અલ્લાહ તઆલા સમક્ષ ઝૂકી ગયાં છે, જે તમામ જહાનોનો રબ છે.'

પછી એક રિવાયતમાં હઝરત અબૂ હુરૈરા રઝિયલ્લાહુ અન્હુ વર્ણન કરે છે કે નબી કરીમ (સ.અ.વ.) એ ફરમાવ્યું: 'જ્યારે પણ મને કોઈ પરેશાની થતી, ત્યારે જિબ્રાઈલ મારા સમક્ષ પ્રગટ થતા અને કહેતા: 'હે મુહમ્મદ! (સ. અ. વ.) આપ કહો: મેં તે જીવંત હસ્તી પર તવક્કુલ કર્યો છે જે ક્યારેય મરશે નહીં. તમામ તારીફ અલ્લાહ માટે જ છે, જેણે ક્યારેય કોઈ પુત્ર બનાવ્યો નથી, અને જેની બાદશાહીમાં ક્યારેય કોઈ ભાગીદાર નથી. અને ક્યારેય તેને એવા સાથીની જરૂર પડી નથી કે જે નબળાઈની સ્થિતિમાં તેનો મદદગાર બને. અને તમે મોટા જોરથી તેની મહાનતાનું વર્ણન કરતા રહો.'

હુઝૂર અનવર એ ફરમાવ્યું કે આંહઝરત (સ. અ. વ.) ની દરેક સમયે અલ્લાહ તઆલા પર જ નજર રહેતી હતી.

આપ (સ. અ. વ.) ની આ વિશેષતાના ઉચ્ચતમ ધોરણનો ઉલ્લેખ કરતાં હઝરત મુસ્લેહ મૌઉદ (ર) એ એક તકરીરમાં ફરમાવ્યું છે કે રસૂલ કરીમ (સ. અ. વ.) ને ખુદા તઆલા પર એવો તવક્કુલ હતો કે દરેક મુસીબત અને મુશ્કેલીના સમયે તેના તરફ જ નજર રાખતા અને તેના સિવાય દરેક વસ્તુથી પોતાનું ધ્યાન હટાવી લેતા.

તેમાં કોઈ શંકા નથી કે આપ (સ. અ. વ.) આજકાલના કેટલાક સૂફીઓની જેમ અસબાબનો ત્યાગ કરનાર નહોતા. આપ (સ. અ. વ.) અસબાબનો ઉપયોગ કરતા હતા. કારણ કે અસબાબનો ત્યાગ કરવો જાણે ખુદા તઆલાની બનાવેલી વ્યવસ્થાનો અનાદર કરવો અને તેની પેદા કરેલી વસ્તુઓને નિરર્થક ગણવા સમાન છે. પરંતુ અસબાબ ઉપલબ્ધ કર્યા પછી આપ (સ. અ. વ.) ખુદા તઆલા પર તવક્કુલ કરતા હતા. આપ અસબાબ તો ઉપલબ્ધ કરતા, પરંતુ ક્યારેય તે અસબાબ પર ભરોસો કે તવક્કુલ કરતા નહોતા; તેઓ માત્ર ખુદાના ફઝલના જ આશાવાન રહેતા. હઝરત ઇબ્ને અબ્બાસ (રઝિ) વર્ણન કરે છે કે જ્યારે પણ આપ (સ. અ. વ.) ને કોઈ ગભરાટ કે ચિંતા થતી ત્યારે આપ આ દુઆ કરતા:

لَا إِلَهَ إِلَّا هُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيمِ لَا إِلَهَ إِلَّا هُوَ رَبُّ السَّمٰوَاتِ وَرَبُّ الْأَرْضِ وَرَبُّ الْعَرْشِ الْكَرِيمِ

અર્થાત: અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને લાયક નથી. તે મહાન અર્શનો રબ છે. અલ્લાહ સિવાય કોઈ ઇબાદતને લાયક નથી. તે આકાશોનો રબ છે, પૃથ્વીનો રબ છે અને મહાન તથા આદરણીય અર્શનો રબ છે, એટલે કે મારો ભરોસો અને તવક્કુલ માત્ર અલ્લાહ તઆલા પર જ છે.

હુઝૂર અનવર એ ફરમાવ્યું કે વિવિધ પ્રસંગોએ મક્કાના મુશરિકો દ્વારા આંહઝરત (સ. અ. વ.) ને આપવામાં આવેલી લાલચો અને પ્રસ્તાવોનો, તથા નબી કરીમ (સ. અ. વ.) દ્વારા અલ્લાહ તઆલા પર અદ્વિતીય તવક્કુલ સાથે આપવામાં આવેલા જવાબનો ઉલ્લેખ કરતાં ફરમાવ્યું કે હઝરત મુસ્લેહ મૌઉદ (રઝિ) એ આ ઐતિહાસિક ઘટનાઓનો નકશો ખેંચતા આ રીતે વર્ણન કર્યું છે કે: જ્યારે આંહઝરત (સ. અ. વ.) એ લોકોને અલ્લાહ તઆલાની તૌહીદ વિશે ઉપદેશ આપવાનું અને શિર્કનો વિરોધ કરવાનું શરૂ કર્યું, ત્યારે મક્કાવાસીઓને આ વાત ખૂબ જ નાપસંદ લાગી. અંતે એક દિવસ તેઓ સમાધાનનો પ્રસ્તાવ લઈને એક પ્રતિનિધિમંડળના રૂપમાં રસૂલ કરીમ(સ. અ. વ.)ના કાકા અબૂ તાલિબ પાસે આવ્યા અને તેમને કહ્યું: ‘તમે અમારી કોમના સરદાર છો. અમે તમારો ખૂબ આદર કરીએ છીએ અને તમારા આદરને કારણે તમારા ભત્રીજાને અત્યાર સુધી કંઈ કહેતા નથી. પરંતુ હવે મામલો હદથી વધી ગયો છે. તેથી અમે તમારી પાસે આવ્યા છીએ કે તમે તેમની સાથે આ બાબતમાં અમારી તરફથી છેલ્લી વાત કરો. પછી તે વાતો દોહરાવો કે જે ઉતબા બિન રબીઆએ આંહઝરત (સ. અ. વ.) સમક્ષ રજૂ કરી હતી—અર્થાત્ ઊંચા ખાનદાનનો લોભ, અને સૌથી સુંદર સ્ત્રી સાથે લગ્નનો લોભ, રૂપિયા-પૈસાનો લોભ, સંપત્તિનો લોભ અને સત્તા-હુકૂમતનો લોભ. આ બધું અમે આપવા તૈયાર છીએ, પરંતુ તેમને એટલું કહેવામાં આવે કે અમારી મૂર્તિઓને ખરાબ ન કહે. અમે એમ નથી કહેતા કે તેઓ અમારી મૂર્તિઓને માની લે; અમે માત્ર એટલું કહીએ છીએ કે અમારી મૂર્તિઓની નિંદા ન કરે. અને જો તેઓ અમારી આ વાતોમાંથી એક પણ વાત ન માને, તો પછી તમે તેમનો સાથ છોડી દો. અમે પોતે તેમની સાથે વ્યવહાર કરી લઈશું. અબૂ તાલિબે રસૂલ કરીમ (સ. અ. વ.) ને બોલાવ્યા અને તેમની સામે આ પ્રસ્તાવો તથા તેમની માંગ રજૂ કરી. તેમણે કહ્યું કે તેઓ કોઈપણ માંગ પૂરી

કરવા તૈયાર છે, બસ એટલું જ કરે કે અમારી મૂર્તિઓને ખરાબ ન કહે. જ્યારે રસૂલ કરીમ (સ. અ. વ.) એ પોતાના કાકાની આ સ્થિતિ જોઈ અને તેમના ઉપકારોને યાદ કર્યા, ત્યારે આપની આંખોમાં આંસુ આવી ગયા. પરંતુ આપ (સ. અ. વ.) એ ફરમાવ્યું: ચાચા! હું એમ નથી કહેતો કે તમે મારી મદદ કરો. તમે બેશક તમારી કોમનો સાથ આપો અને મને છોડી દો. ખુદાની કસમ! જો આ લોકો સૂર્યને મારા જમણા હાથ તરફ અને ચંદ્રને મારા ડાબા હાથ તરફ લાવીને પણ ઊભા કરી દે, તો પણ હું ખુદાના જિક્રથી પાછો નહીં હટું.

હુઝૂર અનવર એ ફરમાવ્યું કે આ અલ્લાહ તઆલાની જાત પર સંપૂર્ણ વિશ્વાસ અને તવક્કુલનું એવું ઉચ્ચ સ્થાન છે જે ભાગ્યે જ ક્યાંય જોવા મળે છે. આ ઘટનાનો ઉલ્લેખ કરતાં હઝરત અકદસ મસીહ મૌઉદ અલૈહિસ્સલાતુ વસ્સલામ ફરમાવે છે કે જ્યારે આ આયતો નાઝિલ થઈ કે મુશરિકો રિજ્સ (અપવિત્ર) છે, પલીત છે, “શર્રુલ બરિય્યહ” એટલે કે સૌથી ખરાબ મખ્લૂક છે, “સુફહા” એટલે કે મૂર્ખ લોકો છે અને શૈતાનની સંતાન છે; અને તેમના ઉપાસ્યો “વકૂદુન્નાર” એટલે કે આગનું ઈંધણ અને “હસબે જહન્નમ” એટલે કે જહન્નમનું ઈંધણ છે, ત્યારે અબૂ તાલિબે આંહઝરત (સ. અ. વ.) ને બોલાવીને કહ્યું: હે મારા ભત્રીજા! હવે તારા દુશ્નામદહીના કારણે કોમ ખૂબ જ ઉશ્કેરાઈ ગઈ છે અને હવે નજીક છે કે તેઓ તને અને સાથે મને પણ મારી નાખે. તેં તેમના બુદ્ધિશાળી લોકોને મૂર્ખ ગણાવ્યા, તેમના વડીલોને ‘શર્રુલ-બરિય્યહ’ એટલે કે સૌથી ખરાબ મખ્લૂક કહ્યા અને તેમના આદરણીય દેવતાઓને ‘હિઝ્મે જહન્નમ’ એટલે કે જહન્નમનું ઈંધણ અને ‘વકૂદુન્નાર’ એટલે કે આગનું ઈંધણ કહી દીધા. સામાન્ય રીતે તે બધાને ‘રિજ્સ’, ‘ઝુર્રિય્યતે શૈતાન’ અને અપવિત્ર ઠેરવ્યા છે. હું તને ભલાઈ અને હિતેચ્છાની દૃષ્ટિએ કહું છું કે તારી જીભને રોક અને દુશ્નામદહી બંધ કર; નહિ તો મારી પાસે કોમનો સામનો કરવાની શક્તિ નથી. આંહઝરત (સ. અ. વ.)એ જવાબમાં ફરમાવ્યું: ચાચા! આ દુશ્નામદહી નથી, પરંતુ હકીકતનો ખુલાસો અને વાસ્તવિક સ્થિતિનું તેના યોગ્ય સ્થાન પર વર્ણન છે. અને આ જ તો કામ છે જેના માટે હું મોકલાયો છું. જો આના કારણે મારું મૃત્યુ નિશ્ચિત હોય, તો હું ખુશીથી આ મૃત્યુ સ્વીકારું છું. મારું જીવન આ જ માર્ગમાં સમર્પિત છે. હું મૃત્યુના ભયથી સત્યનો પ્રચાર કરવાથી અટકી શકતો નથી. અને ચાચા! જો તને પોતાની નબળાઈ અને તકલીફનો વિચાર હોય, તો તું મને પોતાની પનાહમાં રાખવાથી હાથ ખેંચી લે. ખુદાની કસમ! મને તારી જરાય જરૂર નથી. હું અલ્લાહના આદેશો પહોંચાડવાથી ક્યારેય અટકીશ નહીં. મારા માલિકના આદેશો મને મારા જીવન કરતાં પણ વધારે વહાલા છે. ખુદાની કસમ! જો હું આ માર્ગમાં માર્યો જાઉં તો હું ઈચ્છું છું કે ફરી ફરી જીવિત થાઉં અને હંમેશા આ જ માર્ગમાં મૃત્યુ પામતો રહું. આ ડરવાની જગ્યા નથી; પરંતુ મને તો તેમાં અનંત આનંદ છે કે હું તેની રાહમાં દુઃખ સહન કરું. આંહઝરત (સ. અ. વ.) આ વક્તવ્ય કરી રહ્યા હતા ત્યારે આપના ચહેરા પર સત્યતા અને નૂરાનિયતથી ભરેલી રુકકત સ્પષ્ટ દેખાતી હતી. જ્યારે હઝરત (સ. અ. વ.) એ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું, ત્યારે સત્યનો પ્રકાશ જોઈને અબૂ તાલિબના આંસુ અનાયાસ વહેવા લાગ્યા અને તેમણે કહ્યું: હું તારી આ ઉચ્ચ અવસ્થાથી અજાણ હતો. તું તો એક અલગ જ રંગ અને અલગ જ શાન ધરાવે છે. જા! તારા કામમાં લાગેલો રહે. જ્યાં સુધી હું જીવિત છું, ત્યાં સુધી મારી શક્તિ મુજબ હું તારો સાથ આપીશ.

આ જ રીતે તાઈફથી પરત ફરતી વખતે હઝરત (સ. અ. વ.)ના તવક્કુલનો એક પ્રસંગ છે. આપ (સ. અ. વ.) એકલા હતા અને તાઈફના સરદારોને તબ્લીગ કરવા માટે ગયા હતા. તેમણે આપ (સ. અ. વ.) પર અત્યાચારની હદ કરી નાખી. ત્યારબાદ આપ પાછા ફર્યા. દેખીતી રીતે મક્કામાં પણ પ્રવેશવાની કોઈ રીત જણાતી

નહોતી. એક ખાદિમ આપની સાથે હતા અને તેઓ ચિંતિત હતા કે હવે શું થશે? પરંતુ આપ (સ. અ. વ.) ને પોતાના રબ પર સંપૂર્ણ વિશ્વાસ અને સંપૂર્ણ તવક્કુલ હતો.

આ પ્રસંગનું વર્ણન કરતાં એ જ ખાદિમ, હઝરત ઝૈદ બિન હારિસા (રઝિ) રિવાયત કરે છે કે મેં જ્યારે આપ(સ. અ. વ.)ની સેવામાં અરજ કરી: યા રસૂલલ્લાહ! હવે આપ મક્કામાં કેવી રીતે પ્રવેશશો, જ્યારે તેઓ આપને મક્કામાંથી કાઢી ચૂક્યા છે? ત્યારે રસૂલુલ્લાહ(સ. અ. વ.)એ તવક્કુલની અદભુત શાન સાથે જવાબ આપ્યો: હે ઝૈદ! તું જોશે કે અલ્લાહ તઆલા ચોક્કસ કોઈ માર્ગ કાઢી આપશે. અને અલ્લાહ તઆલા પોતાના દીનનો મદદગાર છે. તે પોતાના નબીને અવશ્ય વિજય અપાવશે. ત્યારબાદ નબી કરીમ (સ. અ. વ.)એ કુરૈશના સરદારોને સંદેશ મોકલ્યો કે તેઓ આપને પોતાની પનાહમાં લઈને મક્કામાં પ્રવેશની વ્યવસ્થા કરે. બધા સરદારોએ ઇનકાર કર્યો. અંતે એક પ્રતિષ્ઠિત સરદાર મુતઇમ બિન અદીએ આપ (સ. અ. વ.)ને પોતાની પનાહમાં લઈને મક્કામાં પ્રવેશ કરાવવાની જાહેરાત કરી.

હિજરતે નબવી (સ. અ. વ.)ના પ્રસંગે પણ અલ્લાહ તઆલા પર તવક્કુલના અદભુત નમૂનાઓ જોવા મળે છે. જ્યારે આંહઝરત (સ. અ. વ.)ને હિજરત કરવાની પરવાનગી મળી, ત્યારે આપ (સ. અ. વ.) એ હઝરત અલી (રઝિ) ને પોતાના હિજરતના કાર્યક્રમથી માહિતગાર કર્યા અને તેમને એક ખૂબ જ જાંનિસાર કામ સોંપ્યું કે તે રાત્રે તેઓ આંહઝરત(સ. અ. વ.)ના મુબારક પલંગ પર જ સૂઈ રહે. એક રિવાયત મુજબ તેઓ લાલ રંગની હઝરમી ચાદર ઓઢીને સૂવાના હતા, જે પથારી પર નબી કરીમ (સ. અ. વ.) પોતે સુઈ રહેતા હતા, તે પથારી પર તેમણે પોતાના આ જાન-નિસાર સેવકને સુવડાવ્યો અને તેમને અલ્લાહની મદદ તથા સમર્થનની ખાતરી આપતાં ફરમાવ્યું: ચિંતા ન કરશો અને ખૂબ આરામથી મારી પથારી પર સૂઈ રહો. દુશ્મન તમારો વાળ પણ વાંકો કરી શકશે નહીં.

ત્યારબાદ આંહઝરત (સ. અ. વ.) પોતાના ઘરની બહાર પધાર્યા. મક્કાના કાફિરોના પસંદગીના બહાદુર લોકો, જેમની આંખોમાં જાણે લોહી ઉતરી આવ્યું હોય તેમ લાગતું હતું, હાથમાં તલવારો લઈને નબી કરીમ (સ. અ. વ.)ના ઘરની બહાર સાવધાન થઈને પહેરો આપી રહ્યા હતા. તેઓ રાહ જોઈ રહ્યા હતા કે રાત વધુ ઘેરી થાય અને તેઓ એકસાથે હુમલો કરીને એક જ વારના પ્રહારમાં રસૂલુલ્લાહ (સ. અ. વ.)નું કામ તમામ કરી નાખે— નાઉઝુબિલ્લાહ! અને અબુ જહલ, જે જાણે તેમનો સરદાર હતો, મોટા અભિમાન અને મશ્કરીથી કહી રહ્યો હતો: મુહમ્મદ (સ. અ. વ.) કહે છે કે જો તમે તેના મામલામાં તેનું અનુસરણ કરશો તો તમે અરબ અને અજમના રાજા બની જશો. ત્યારબાદ તમારા મૃત્યુ પછી તમને ફરી જીવતા કરવામાં આવશે અને તમારા માટે ઉર્દનના બગીચાઓ જેવા બગીચા બનાવવામાં આવશે. અને જો તમે આવું નહીં કરો તો તમારી વચ્ચે હત્યા અને લૂંટફાટ થશે.

આપ (સ. અ. વ.) બહાર પધાર્યા અને ફરમાવ્યું: હા! હું આવું જ કહું છું. ત્યારબાદ આપ (સ. અ. વ.) સૂરા યાસીનની આયતો ૨ થી ૧૦નું પઠન કરતાં અને તેમના માથા પર ધૂળ નાખતાં તેમની વચ્ચેથી પસાર થઈ ગયા. પરંતુ અલ્લાહની કુદરત જુઓ કે આપ (સ. અ. વ.) ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કોઈને પણ દેખાયા નહીં. તેઓ વારંવાર અંદર ઝાંખીને જોઈ લેતા અને સંતોષ કરી લેતા કે મુહમ્મદ (સ. અ. વ.) તો પોતાની પથારી પર જ છે.

ખુત્બાના અંતે હુઝૂર અનવર એ હિજરતના પ્રસંગ અને આપ (સ. અ. વ.)ના તવક્કુલ તથા હિંમતનો ઉલ્લેખ કરતાં હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામનું આ નિવેદન રજૂ કર્યું કે હઝરત અબુ બકર સિદ્દીક (રઝિ)નો

સત્ય અને નિષ્ઠા તે સમયે પ્રગટ થઈ જ્યારે નબી કરીમ (સ. અ. વ.)ને ઘેરી લેવામાં આવ્યા હતા. આવી પરિસ્થિતિમાં હઝરત અબુ બકર (રઝિ) એ પોતાના સત્ય, વફાદારી અને નિષ્ઠાનું એવું અદ્વિતીય ઉદાહરણ રજૂ કર્યું, જે કયામત સુધીના લોકો માટે એક આદર્શ બની રહેશે. દુશ્મનો ગુફાની ઉપર હાજર છે અને વિવિધ પ્રકારની ચર્ચાઓ કરી રહ્યા છે. કેટલાક કહે છે: આ ગુફાની તપાસ કરો, કારણ કે પગલાંનાં નિશાન અહીં સુધી આવીને સમાપ્ત થઈ જાય છે. પરંતુ તેમનામાંથી કેટલાક કહે છે: અહીં માણસનો પ્રવેશ કેવી રીતે થઈ શકે? અહીં તો કરોળિયાએ જાળું તાણેલું છે અને કબૂતરે ઈંડાં મૂક્યાં છે. આ પ્રકારની વાતોના અવાજો ગુફાની અંદર પણ પહોંચી રહ્યા છે. અને આપ (સ. અ. વ.) અત્યંત શાંતિથી તેમને સાંભળી રહ્યા છે. દુશ્મનો એવી સ્થિતિમાં આવી પહોંચ્યા છે કે તેઓ આપ (સ. અ. વ.)ને સમાપ્ત કરવા માગે છે અને દીવાના માણસની જેમ આગળ વધતા આવ્યા છે. પરંતુ આપ (સ. અ. વ.)ની અદભુત હિંમત જુઓ કે દુશ્મન માથા ઉપર ઊભો છે અને આપ (સ. અ. વ.) પોતાના સચ્ચા અને વફાદાર સાથી, સિદ્દીક હઝરત અબુ બકર (રઝિ) ને ફરમાવે છે: لَا تَحْزَنْ إِنَّ اللّٰهَ مَعَنَا આ શબ્દો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે આપ (સ. અ. વ.) એ આ વાત મોઢેથી ઉચ્ચારી હતી, કારણ કે માત્ર ઈશારાથી કામ ચાલી શકે તેમ નહોતું. બહાર દુશ્મનો પરસ્પર સલાહ કરી રહ્યા હતા અને અંદર ગુફામાં ખાદિમ અને મખદૂમ પણ વાતચીત કરી રહ્યા હતા. આ બાબતની કોઈ ચિંતા કરવામાં આવી નહોતી કે દુશ્મનો અવાજ સાંભળી લેશે. આ અલ્લાહ તઆલા પરના પરિપૂર્ણ ઈમાન અને તેની સાચી ઓળખનું પ્રમાણ છે. ખુદા તઆલાના વચનો પર સંપૂર્ણ ભરોસો અને વિશ્વાસ હતો.

અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિં વ બારિક વ સલ્લિમ.

******

اَلْحَمْدُلِلّٰہِ نَحْمَدُہٗ وَ نَسْتَعِیْنُہٗ وَ نَسْتَغْفِرُہٗ وَ نُؤْمِنُ بِہٖ وَ نَتَوَکَّلُ عَلَیْہِ وَ نَعُوْذُ بِاللّٰہِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَ مِنْ سَیِّئَاتِ اَعْمَالِنَا مَنْ یَّھْدِہِ اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنْ یُّضْلِلْہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشْھَدُ اَنْ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَ نَشْھَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُہٗ وَ رَسُوْلُہٗ عِبَادَ اللّٰہِ رَحِمَکُمُ اللّٰہُ اِنَّ اللّٰہَ یَأْمُرُ بِالْعَدْلِ وَ الْاِحْسَانِ وَ اِیْتَآءِ ذِی الْقُرْبٰی وَ یَنْھٰی عَنِ الْفَحْشَآءِ وَ الْمُنْکَرِ وَ الْبَغْیِ یَعِظُکُمْ لَعَلَّکُمْ تَذَکَّرُوْنَ اُذْکُرُوا اللّٰہَ یَذْکُرْکُمْ وَ ادْعُوْہُ یَسْتَجِبْ لَکُمْ وَ لَذِکْرُ اللّٰہِ اَکْبَرُ۔